### પ્લેટફોર્મ નંબર ૧ પર પોલીસ-પેડલર વચ્ચે ફિલ્મી દોડ, મુસાફરોમાં ફફડાટ

# રેલવે સ્ટેશન પરથી 47.98 લાખના હેરોઈન સાથે પેડલર ઝડપાયો

**સ્ટેટ** મોનિટરિંગ સેલની મોટી કાર્યવાહી, 239.940 ગ્રામ હેરોઈન જપ્ત, પંજાબનો સપ્લાયર વોન્ટેડ



(પ્રતિનિધિ) વડોદરા | તા. 10

ઉતરાયણના તહેવારને ધ્યાને લઈ વિદેશી દારૂ અને નશીલા પદાર્થોની હેરાફેરી પર સતત વોચ રાખી રહેલી સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ને ફરી એક મોટી સફળતા મળી છે. SMCની ટીમે વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1 પરથી રૂ. 47.98 લાખની કિંમતનું હેરોઈન ઝડપી પાડી એક પેડલરને પકડી પાડ્યો છે.

પોલીસને જોઈ પેડલર ભાગ્યો, રેલવે સ્ટેશન પર નાસભાગ

SMCને બાતમી મળી હતી કે એક શખ્સ વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1 પર હેરોઈન સાથે ઉભો છે. આ આધારે 9 જાન્યુઆરીએ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે રેડ કરી હતી. દરમિયાન પેડલરે પોલીસને જોઈ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પેડલર આગળ અને પોલીસ પાછળ દોડી રહી હોય તેવા ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા, જેના કારણે સ્ટેશન પર હાજર મુસાફરોમાં ફફડાટ ફેલાયો હતો. ભાગતી વેળા પથ્થરની ઠોકર વાગતા આરોપી પડી ગયો હતો અને પગમાં ગંભીર ઈજા પહોંચતા તેને સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસ તપાસમાં આરોપી પાસેથી 239.940 ગ્રામ હેરોઈન (કિંમત રૂ. 47.98 લાખ), એક મોબાઈલ ફોન અને રૂ. 3,000 રોકડા મળી કુલ રૂ. 48.07 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ઝડપાયેલા આરોપીની ઓળખ અમ્રિકસિંહ ઉર્ફે સોનુ સર્વણસિંહ માલ્હી (રહે. A/3, ગુરુનાનક નગર, છાણી જકાત નાકા, વડોદરા) તરીકે કરવામાં આવી છે. SMCએ આરોપીને આગળની કાર્યવાહી માટે રેલવે પોલીસને સોંપ્યો છે, જ્યારે હેરોઈન સપ્લાય કરનાર પંજાબના શખ્સ નિશાનસિંહને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

## ખરીદી કરવાના બહાને લેપટોપ લઈ અજાણ્યો શખ્સ ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.10

વાઘોડિયા રોડ પર ખરીદ કરવાના બહાને અજાણ્યો ગઠિયો લેપટોપ લઈને ફરાર થઇ ગયો હતો. મહિલાએ પાણીગેટ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર આવેલા કલાદર્શન ચોર રસ્તા પાસે આવેલી શાકુંતલ કોમ્પલેક્ષમાં રહેતા તૃપ્તિબેન જિતેન્દ્રભાઇ દરજીએ નોંધાવેલી ફરિયાદ મુજબ 11 ડિસેમ્બરના રોજ બપોરના સમયે એક અજાણ્યો શખ્સ બપોરના પોણા બારેક વાગે તેમના લેપટો ખરીદવાના બહાને આવ્યો હતો. ત્યારબાત તેમનો પુત્ર સાથે વાત કરી વિશ્વાલ કેળવી લીધો હતો. જેથી તેમનો પુત્ર લેપટોપ જોવા માટે લઇ નીચે આવ્યો હતો. ત્યારબાદ આ લેપટોપ રૂપિયા 8 હજારનું લઈને ફરાર થઇ ગયો હતો. જેથી મહિલાએ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

### મેચ પહેલા જ 'ગેમ ઓવર'?

# BCA પર ટિકિટની ખુલ્લેઆમ કાળા બજારીનો ગંભીર આક્ષેપ




**"મફત** પાસ 10-12 હજારમાં વેચાય છે!" - ક્રિકેટપ્રેમીનો આક્રોશ

**"બાળકો** અને ગર્લ્સ ક્રિકેટની વાતો ફક્ત ભાષણ પૂરતી?"

(પ્રતિનિધિ) વડોદરા,તા. 10

વડોદરામાં ભારત-ન્યૂઝીલેન્ડ વનડે મેચ પહેલા જ એક મોટો વિવાદ ફાટી નીકળ્યો છે. 11 જાન્યુઆરીએ કોટંબી સ્ટેડિયમ ખાતે યોજાનારી ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની પ્રથમ વનડે મેચ પૂર્વે ટિકિટોની કાળા બજારી થતી હોવાના ગંભીર આક્ષેપ થયા છે. આક્ષેપ વધુ ગંભીર એટલા માટે છે કે ટિકિટોની કાળા બજારી ખુદ બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) ના સભ્યો દ્વારા થતી હોવાનું કહેવાઈ રહ્યું છે.

મુંબઈ ક્રિકેટ એસોસિએશનના પૂર્વ સભ્ય અને ક્રિકેટપ્રેમી મુફદલ ઘડિયાળીએ બીસીએ સામે ખુલ્લેઆમ મોરચો માંડ્યો છે. દીકરી સાથે કોટંબી સ્ટેડિયમ બહાર પહોંચેલા મુફદલે જણાવ્યું કે, "હું રોહિત શર્માનો મોટો ફેન છું. નેટ પ્રેક્ટિસ જોવા આવ્યો, પરંતુ ટિકિટ મળતી નથી. બીસીએના સભ્યોને મફતમાં મળતા કોમ્પ્લીમેન્ટરી પાસ 10થી 12 હજાર રૂપિયામાં વેચાઈ રહ્યા છે. 1 હજારની ટિકિટ 10 હજારમાં, 2 હજારની ટિકિટ 15 હજારમાં અને બોક્સની ટિકિટ 25થી 27 હજારમાં વેચાય છે. આ ખુલ્લી લૂંટ છે."



મુંબઈ ક્રિકેટ એસોસિએશનના પૂર્વ સભ્ય અને ક્રિકેટપ્રેમી મુફદલ ઘડિયાળીએ બીસીએ સામે ખુલ્લેઆમ મોરચો માંડ્યો હતો.

### બીસીએ સામે સવાલોનો વરસાદ

આ સમગ્ર ઘટનાએ બીસીએની કાર્યપદ્ધતિ પર ગંભીર પ્રશ્નચિહ્ન ઊભું કર્યું છે. જો આક્ષેપો સાચા છે તો ક્રિકેટપ્રેમીઓ સાથે વિશ્વાસઘાત થઈ રહ્યો છે. બીસીએ પર આરોપ છે કે ક્રિકેટને વેપાર બનાવીને સામાન્ય પ્રેક્ષકોને સ્ટેડિયમ બહાર રાખવામાં આવી રહ્યા છે. ક્રિકેટપ્રેમીઓની સ્પષ્ટ માંગ છે કે આગામી મેચોમાં બીસીએ પારદર્શક ટિકિટ વ્યવસ્થા કરે, કોમ્પ્લીમેન્ટરી પાસના દુરુપયોગ પર રોક લગાવે અને ક્રિકેટને ફરી એકવાર જનતા સુધી પહોંચાડે–નહીતર બીસીએ સામે આક્રોશ વધુ ઉગ્ર બનશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, "અનેક વિસ્તારોમાંથી લોકો મેચ જોવા આવવા માંગે છે, પરંતુ ટિકિટ ગાયબ! સ્ટેડિયમની કેપેસિટી ઓછી છે અને બીસીએ જ ટિકિટ ગાયબ કરાવે છે."

મુફદલ ઘડિયાળીએ પોતાની દીકરીનો ઉલ્લેખ કરતાં લાગણીસભર પરંતુ આક્રમક શબ્દોમાં કહ્યું, "મારી દીકરી વિરાટ કોહલીની ફેન છે. એને ખેલાડીઓને જોવા મળ્યા નહીં એટલે રડી પડી. ગર્લ્સ ક્રિકેટ અને યુવા ક્રિકેટને પ્રમોટ કરવાની વાતો બીસીએ કરે છે, પરંતુ હકીકતમાં અમારા બાળકો માટે શું કરે છે?"

### ગુજરેરાનો ઐતિહાસિક આદેશ

# ન વેચાયેલા ફ્લેટનું મેન્ટેનન્સ પણ બિલ્ડરે જ ભરવું પડશે

**સોસાયટીના** કિસ્સામાં મોટો નિર્ણય; BU પરવાનગી બાદ ખાલી પડેલી પ્રોપર્ટીનો આર્થિક બોજ રહેવાસીઓ પર નાખી શકાશે નહીં

(પ્રતિનિધિ) વડોદરા તા.10

એક રહેણાંક સોસાયટીમાં બિલ્ડર દ્વારા ન વેચાયેલા યુનિટોનો જાળવણી ખર્ચ ન ચૂકવવા બાબતે ચાલી રહેલા વિવાદમાં 'ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી' એ મહત્વનો આદેશ આપ્યો છે. આ આદેશ મુજબ, જે એકમો હજુ સુધી વેચાયા નથી અથવા બિલ્ડરના નામે છે, તેનો મેન્ટેનન્સ ખર્ચ અન્ય સભ્યોની જેમ જ બિલ્ડરે સોસાયટીને ચૂકવવો પડશે.

આ સોસાયટીને વર્ષ 2019માં બિલ્ડિંગ યુઝ (BU) પરવાનગી મળી ગઈ હતી. ત્યારબાદ સોસાયટીનું હેન્ડઓવર સભ્યોને કરવામાં આવ્યું હતું. જોકે, પ્રોજેક્ટમાં હજુ પણ કેટલાક ફ્લેટ અને યુનિટ વેચાયા વગરના પડ્યા હતા. બિલ્ડર આ ન વેચાયેલા એકમોનો જાળવણી ખર્ચ ચૂકવવાનો ઈનકાર કરી રહ્યા હતા, જેના કારણે સોસાયટીમાં વસવાટ કરી રહેલા અન્ય સભ્યો પર મેન્ટેનન્સનો વધારાનો આર્થિક બોજ આવી રહ્યો હતો. અંતે, સોસાયટીના સભ્યોએ ન્યાય માટે 'ગુજરેરા' ના દ્વાર ખખડાવ્યા હતા.

આ મામલે સુનાવણી બાદ ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું કે, રિયલ એસ્ટેટ અધિનિયમ, 2016 ની કલમ 11(4)(લ) અને કલમ 17(1) તથા 17(2) ની જોગવાઈઓ મુજબ, જ્યાં સુધી એકમોની ફાળવણી ન થાય ત્યાં સુધી બિલ્ડર તેના માલિક ગણાય છે. તેથી, સામાન્ય ખર્ચ અને જાળવણી ચાર્જમાં ફાળો આપવાની જવાબદારી બિલ્ડરની જ બને છે. ઓથોરિટીએ બિલ્ડરને બાકી રહેલી તમામ મેન્ટેનન્સની રકમ તાકીદે સોસાયટીમાં જમા કરાવવાનો આદેશ આપ્યો છે.

### હકની વાત સંગઠન દ્વારા વન વિભાગના અધિકારીઓને રજૂઆત

# પાદરા તાલુકામાં દસ દિવસમાં ત્રણ મગરોના મોતથી પ્રાણી પ્રેમીઓમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

પાદરા તાલુકામાં છેલ્લા દસ દિવસમાં ત્રણ મગરના શંકાસ્પદ મોત થતા સમગ્ર વિસ્તારમાં ચિંતા અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે, સમગ્ર મામલે પ્રાણી પ્રેમી સંસ્થાના કાર્યકરો દ્વારા યોગ્ય તપાસની માંગણી કરવામાં આવી છે.

વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં કાર્યરત હકની વાત સંગઠનના વિકી શ્રીમાળીએ વન વિભાગના અધિકારીઓને સાવચેતીના ભાગ રૂપે રજુવાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, પાદરા તાલુકાના આમળા ગામે તળાવમાંથી અંદાજિત ચાર ફૂટ લાંબા મગરનું શંકાસ્પદ મોત થયું છે. જ્યારે બીજી ઘટના મોભા રોડ હનુમાનજી મંદિર નજીક તળાવમાં મગરના બચ્ચું મૃત હાલતમાં મળી આવ્યું હતું. જ્યારે એક સપ્તાહ પૂર્વે નગર પાલિકા હદ વિસ્તારના સારેજા વિસ્તારમાં પણ



મગર મૃત હાલતમાં મળી આવ્યો હતો. ચિંતાજનક બાબત એ છે કે, મગર ઉપરાંત ગુલ બ્રાન્સન કંપની નજીક વાંદરા અને કબૂતરોના પણ શંકાસ્પદ મોત નોંધાયા છે. આ સમગ્ર ઘટનાને લઈ પશુ પ્રેમીઓ અને જીવદયા સંસ્થાઓ દ્વારા યોગ્ય અને પારદર્શક તપાસની માંગ ઉઠી છે. પશુ પ્રેમીઓનું કહેવું છે કે, મૃત્યુ પાછળના સાચા કારણો જાણવા પાણીના નમૂનાઓ, પોસ્ટમોર્ટમ રિપોર્ટ અને જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી થવી જોઈએ. હાલ સુધી વન વિભાગ તરફથી કોઈ સ્પષ્ટ જવાબ સામે આવ્યો નથી. જેને કારણે વન વિભાગની કામગીરી પર સવાલો ઊભા થયા છે.

### વનવિભાગ ખાતે પક્ષીઓ માટે ઓપરેશન થિયેટર કાર્યરત કરાયું

# શહેરમાં જુદાજુદા 42 કલેક્શન સેન્ટરો પર વોલીએન્ટર સેવા આપશે

**પક્ષીઓના** જવાના અને માળામાં પરત ફરવાના સમયે પતંગ નહિ ઉડાવવા આરએફઓની અપીલ

(પ્રતિનિધિ) વડોદરા,તા.10

આગામી ઉત્તરાયણ પર્વને લઈને પક્ષીઓના જીવ બચાવવા માટે વડોદરાનું વન વિભાગ સજ્જ બન્યું છે. 42 જેટલા સેન્ટરોની સાથે સાથે કરુણા અભિયાનમાં વિવિધ એનજીઓ સહિત ડોક્ટરોની ટીમ ખડે પગે રહેશે. લોકોને પણ પક્ષીઓના માળામાંથી જવા અને આવવાના સમય દરમિયાન પતંગ નહિ ઉડાવવા રેન્જ ફોરેસ્ટ ઓફિસર દ્વારા અપીલ કરવામાં આવી હતી.

વડોદરા વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર કરણરાજ સિંહ રાજપુતે જણાવ્યું હતું કે, સામાજિક વનીકરણ વિભાગ વડોદરા દ્વારા પૂરતી તૈયારી સાથે રેસ્ક્યુ ટીમ પણ જોડાઈ છે. 24 કલાક વડોદરા વન વિભાગનું સેન્ટર સેવા માટે કાર્યરત કરવામાં આવ્યું છે. ખાસ કરીને કરુણા અભિયાનમાં તમામ એનજીઓ સ્વયંસેવકો સાથે જોડાયા છે. પશુપાલક વિભાગ પણ આ અભિયાનમાં જોડાયું છે અને ખાસ વાન પણ જોડાવાની છે. વેટેનરી ટ્રેનિંગ ડોક્ટરો પણ સેવા આપવાના છે. જિલ્લા કક્ષાએથી પણ વન વિભાગ નો સ્ટાફ વોલિએન્ટરો જોડાઈ પક્ષીઓના જીવ બચાવીશું. રાજ્ય સરકાર દ્વારા ટોલ ફ્રી નંબર 1962 કાર્ય રહેશે, તેમજ વડોદરા વન વિભાગ નો જે ટોલ ફ્રી નંબર 1800 233 26 36 અને બે મોબાઈલ નંબર 94 255 58 886 અને બીજો નંબર છે 94295 58 883 એ સિવાય તમામ તાલુકા દીઠ અને જિલ્લા દીઠ વોલીએન્ટરના પણ નંબરો કાર્યરત રહેશે. કુલ 42 જેટલા કલેક્શન સેન્ટરો છે. ત્યાં ઝડપી પક્ષીઓની સારવાર થઈ શકે તે માટે અલગ અલગ સેન્ટર ઉપર કેમ્પ પણ રાખવામાં આવ્યા છે. વાહન આગળ સેફ્ટી ગાર્ડ લગાવવા જોઈએ, ગળાના ભાગે મફલર લગાવવું જોઈએ અને ખાસ વાત એ છે કે, જે લોકો પતંગ રસીકો છે તેઓએ ચાઈનીઝ દોરી નો ઉપયોગ કરવો નહીં, ખરાબ પતંગ તૂટેલા દોરા માંજો જે રસ્તા પર નાખતા હોય તેને કાળજી પૂર્વક રાખો, જેથી કોઈને નુકસાન ન થાય અને સાવધાની પૂર્વક અને આનંદ અને ઉત્સાહ સાથે આ પર્વ મનાવો જોઈએ અને વીજ લાઇનના જે ચાલુ વાહકો છે, તાર સાથે કોઈ બાળકોએ અડવું ન જોઈએ, ખાસ કરીને પક્ષીઓને જે જવાનો ટાઈમ છે સવારે 9:00 વાગ્યા સુધી અને પરત આવતા હોય છે પાંચ વાગ્યે ત્યારે પતંગ ઉડાડવી ન જોઈએ. જો આવી કાળજી રાખીશું તો ઉત્સાહની સાથે સાથે આપણે પક્ષીઓને પણ બચાવી શકીશું તેમ જણાવ્યું હતું.

# ગોત્રી હરીનગર વિસ્તારમાં વૃદ્ધાના ગળામાંથી ચેન તોડી ગઠિયા રફુચક્કર

**પોલીસ** દ્વારા સીસીટીવી ફુટેજના આધારે ગઠિયાને ઝડપી પાડવા તજવીજ



(પ્રતિનિધિ) વડોદરા તા.10

ગોત્રી હરીનગર વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતા વૃદ્ધા કામ અર્થે બહાર નીકળ્યાં હતા. ત્યારે બાઈક પર આવેલા ગઠિયા વૃદ્ધાના ગળામાંથી સોનાની ચેન તોડીને ફરાર થઇ ગયાં હતા. ગભરાઇ ગયેલા વૃદ્ધાએ બુમાબુમ કરતા લોકો ભેગા થઇ ગયા હતા પરંતુ ગઠિયા ભાગી ગયા હોય હાથમાં આવ્યા ન હતા. ઘટનાની જાણ થતા ગોત્રી પોલીસ તુરંત સ્થળ પર પહોંચી ગઇહતી અને અછોડા તોડને સીસીટીવી કેમેરાના આધારે શોધખોળ શરૂ કરી છે.

વડોદરા શહેરના ગોત્રી હરીનગર વિસ્તારમાં આવેલી આનંદવન સોસાયટીમાં રહેતા વૃદ્ધા પદ્મોન કામ અર્થે બહાર નીકળ્યાં હતા અને રોડ પરથી જઇ રહ્યાં હતા. તે દરમિયાન બાઈક પર ગઠિયા ધસી આવ્યાં હતા અને વૃદ્ધાના ગળામાંથી સોનાની ચેન તોડીના રફુચક્કર થઇ ગયાં હતા. જેથી ગભરાઇ ગયેલા વૃદ્ધાએ બુરમરાણ મચાવતા લોકો ભેગા થઇ ગયાં હતા. પરંતુ ગઠિયા સ્થળ પરથી ફરાર થઇ ગયા હતા. ઘટના બાબતે જાણ થતા ગોત્રી પોલીસ સ્ટેશનના પીઆઇ આર એન પટેલ સહિતના પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને વૃદ્ધાની પૂછપરછ કરવા સાથે તે વિસ્તારમાં લગાવેલા સીસીટીવી કેમેરાની ફુટેજના કંડારાયેલા વાહનના નંબરના આધારે તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

### નવાયાર્ડ સગીરા ગેંગરેપમાં પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરાયો

# સામૂહિક દુષ્કર્મના બંને આરોપીને શહેરના અલગ અલગ વિસ્તારોમાં તપાસ માટે લઈ જવાયાં

**આરોપીઓએ** સગીરા સાથે દુષ્કૃત્યનો મોબાઇલમાં વીડિયો તો ઉતાર્યો નથી પણ તપાસ કરાશે



(પ્રતિનિધિ) વડોદરા તા.10

નવાયાર્ડ વિસ્તારમાં સગીરા પર ગુજારાયેલા ગેંગરેપમાં પોલીસ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ત્યારે રિમાન્ડ દરમિયાન આરોપીઓને વડોદરા શહેરના અલગ અલગ જગ્યા પર તપાસ માટે લઈજવાયા હતા. બીજી તરફ બંને મોબાઇલમા સગીરા સાથે દષ્કૃત્ય ગુજારતો વીડિયો તો બનાવ્યો નથી તેના માટે તેમના મોબાઇલ પણ એફએસએલમાં મોકલી માહિતી કઢાવવામાં આવશે.

વડોદરા શહેરના નવાયાર્ડ વિસ્તારમાં રહેતી 15 વર્ષીય સગીરા ટ્યુશન ક્લાસ શોધવા માટે નીકળી હતી. ત્યારે આ બાળકીને સવારના 10 વાગે હર્ષિત તથા જોન્ટી નામના બે શખ્સો દ્વારા બળજબરીપૂર્વક આરોપીના ઘરમાં લઇ ગયાં હતા. ત્યારબાદ તેની સાથે ત્રણ થી ચાર કલાક સુધી ગેંગ રેપ ગુજારવામાં આવ્યો હતો. દરમિયાન ગભરાઇ ગયેલા સગીરાએ શોર મચાવવાનું શરૂ કર્યુ હતું. જેથી બંને નરાધમોએ સગીરાને છોડી મુકી હતી. જેથી સગીરાના માતાએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં હર્ષિત તથા જોન્ટી વિરુદ્ધ ગેંગરેપની ફરિયાદ નોંધાવવમાં આવી હતી. જેથી ફતેગંજ પોલીસ તથા એલસીબીની ટીમો બનાવીને આરોપીઓની શોધખોળ કરતા ગણતરીના કલાકોમાં બંને આરોપી હર્ષિત તથા જોન્ટીની ધરપકડ કરી લીધી હતી. ત્યારે બંને આરોપીની વધુ પૂછપરછ કરવા માટે તેમને કોર્ટમા રજૂ કરીને 3 દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. ત્યારે પોલીસે અલગ અલગ ટીમો બનાવીને આ ગેંગરેપની તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. જેમાં રિમાન્ડ દરમિયાન બંને આરોપીઓને શહેરની અલગ અલગ જગ્યા પર લઇ જઇને તપાસ કરાઇ રહી છે. બીજી તરફ બંને આરોપીઓના મોબાઇલ કબજે કરી કરવામાં આવશે ત્યારબાદ તેમની કોલ ડીટેઇલ્સ તપાસ કરવા સાથે સગીરા સાથે દુષ્કૃત્ય આચરતી વેળાનો મોબાઇલમા વીડિયો તો આરોપીઓએ ઉતાર્યો નથી તેની પણ તપાસ કરાશે તેવુ સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

### કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીની પ્રેસમીટ

# 'ભાજપ દ્વારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો મનરેગાને નાબૂદ કરવાનું કાવતરું'

(પ્રતિનિધિ), વડોદરા. તા.10

રોજગારીનો અધિકાર આપતો મનરેગા કાયદામાં ખોટા ફેરફાર કરી નબળો પાડવાની ભાજપ સરકારની ભ્રષ્ટનીતિ પર આકરા પ્રહાર કરતા પુર્વ કેન્દ્રીય મંત્રી અને પુર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ વડોદરા ખાતે જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં અને ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો મનરેગાને સંપૂર્ણપણે નાબૂદ કરવાનું કાવતરું છે. વીબી,ગ્રામ-જી કાયદાની કડક શબ્દોમાં નિંદા કરીએ છીએ. નવો કાયદાનો સુધારો ભારત દેશ અને ગુજરાતના ગ્રામીણ ગરીબો, ખેડૂતો, ભૂમિહીન મજૂરો, મહિલા કામદારો, દલિત અને આદિવાસી સમુદાયો સાથે દગો છે. દુષ્કાળ, પૂર, આદિવાસી વિસ્તાર, શ્રમિકો માટે આર્થિક મુશ્કેલીઓમાં મનરેગાને




જીવનરેખા સમાન હતી. કોંગ્રેસે આ કાયદાના સુધારા વિરુદ્ધ દેશવ્યાપી મનરેગા બચાઓ કાર્યક્રમની ઘોષણા કરી છે. આ નવો કાયદો મનરેગાને ખતમ કરવાનું કાવતરું છે અને તેને તાત્કાલિક પાછો ખેંચીને મનરેગાને અધિકાર આધારિત કાનૂન તરીકે પુનઃસ્થાપિત કરવો જોઈએ.

મનરેગા બચાવો આંદોલન દિલ્હી-કેન્દ્રિત નહીં, પરંતુ પંચાયત, બ્લોક, જિલ્લા અને રાજ્ય સ્તરે લડવામાં આવશે. સમગ્ર દેશ અને ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ ગ્રામીણ જનતાની સાથે ખભે ખભો મિલાવીને લડીશું. કોંગ્રેસ પક્ષની માંગ છે કે, કામના અધિકાર અને પંચાયતી રાજનું રક્ષણ કરવામાં આવે. મનરેગા એ દાન નથી પરંતુ બંધારણીય અધિકાર છે કોંગ્રેસ ગરીબો-શ્રમિકો માટે મક્કમતાથી કેન્દ્ર સરકારની નિતિ સામે લડીશું, ગુજરાત માટે, ગ્રામીણ ભારત માટે, અને ન્યાય માટે.

વડોદરા સર્કિટ હાઉસ ખાતે રાખેલ આ પ્રેસ આ વાર્તાલાપમાં વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષી, જિલ્લા પ્રમુખ જયપાલસિંહ પઢિયાર, વિપક્ષ નેતા ચંદ્રકાન્ત શ્રીવાસ્ત, પ્રદેશ ઉપપ્રમુખ ભીખાભાઈ રબારી, પ્રદેશ પ્રવક્તા નિશાંત રાવલ, મહિલા પ્રમુખ, ફ્રન્ટલ સેલના પ્રમુખો, NSUI ના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

# શહેરમાં વધુ એક ડ્રીંક એન્ડ ડ્રાઈવનો બનાવ: જાનહાનિ નહીં



(પ્રતિનિધિ) વડોદરા. તા.10

વડોદરા શહેરમાં 2026 ની શરૂવાત થી લઈને અત્યારે 10 દિવસમાં ઉપરાછાપરી અકસ્માતોના બનાવો બની રહ્યાં છે. ગમખ્વાર અકસ્માતમાં ઘણાં લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ત્યારે આજ રોજ વડોદરા શહેરના સારાભાઈ કેમ્પસ નજીક એક મહિલા કાર ચાલક દ્વારા અકસ્માત સર્જાયો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર મહિલા કાર ચાલક દારૂના નશાના હતી. જેમને ચાલવાના પણ હોશ ન હતા. જેને કારણે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા કાર ચાલક મહિલા દ્વારા શ્રમિકો રહેતા હતા ત્યાં આ ગાડીનો અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે લોક ટોળા ઉમટી પડ્યાં હતાં. બનાવની જાણ ગોરવા પોલીસને થતા ગોરવા પોલીસ ઘટના સ્થળે પહોંચી કાર ચાલક મહિલાની ધરપકડ કરી વધુ તપાસ અર્થે ગોરવા પોલીસ મથકે લઈ જવામાં આવી હતી.

### સુપ્રીમ અને વિવિધ હાઇકોર્ટો દ્વારા પોક્સો કેસોના વધતા પ્રમાણ અંગે ચિંતા વ્યક્ત કરાઈ

# બળાત્કાર અને પોક્સો કેસમાં આરોપીને ચાર્જશીટ પહેલાં જામીન

(પ્રતિનિધિ) વડોદરા તા.10

તાજેતરમાં નોંધાયેલા એક કથિત પોક્સો અને કથિત બળાત્કારના ગંભીર કેસમાં આરોપી જયમિન શૈલેશ પંડ્યાને માત્ર એક અઠવાડિયામાં, તે પણ ચાર્જશીટ દાખલ થાય તે પહેલાં જ જામીન મંજૂર કરવામાં આવ્યા છે. આ કેસમાં આરોપી તરફેથી એડવોકેટ ભાવિન વ્યાસે અસરકારક અને કાનૂની રીતે મજબૂત દલીલો રજૂ કરી હતી, જેના આધારે નામદાર કોર્ટે આરોપીને રાહત આપી છે. પોક્સો જેવા ગંભીર ગુનામાં ચાર્જશીટ પહેલાં જામીન મળવું કાનૂની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

છેલ્લા કેટલાક સમયથી સુપ્રીમ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટો દ્વારા કથિત બળાત્કાર અને કથિત પોક્સો કેસોના વધતા પ્રમાણ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. અનેક



ચુકાદાઓમાં ઉચ્ચ અદાલતોએ નોંધ્યું છે કે કેટલાક કિસ્સાઓમાં આ પ્રકારના કાયદાનો દુરુપયોગ થતો જોવા મળે છે, જેના કારણે નિર્દોષ વ્યક્તિઓને ગંભીર કાનૂની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

આવા સંજોગોમાં એડવોકેટ ભાવિન વ્યાસે સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવતા અનેક કેસોમાં આરોપીઓને સમયસર ન્યાય અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. અગાઉ પણ તેમણે અનેક મામલાઓમાં આરોપીઓને જામીન, રાહત તેમજ દિલ્હીની કોર્ટોમાં ડિસ્ચાર્જના આદેશો મેળવ્યા હોવાનું જાણવા મળે છે.

આ જ પ્રકારનો હાલનો કેસ વડોદરા શહેરના રાવપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો, જેમાં તારીખ 22ના રોજ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ તરત જ નામદાર કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી. કોર્ટ રજા પર હોવાથી સુનાવણી પાંચમી તારીખે હાથ ધરવામાં આવી હતી અને એ જ દિવસે એડવોકેટ ભાવિન વ્યાસની ધારદાર દલીલોને ધ્યાનમાં લઈ કોર્ટ દ્વારા આરોપી જયમિન શૈલેશ પંડ્યાને જામીન મંજૂર કરવામાં આવ્યા હતા.

આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે યોગ્ય કાનૂની માર્ગદર્શન અને સમયસર દલીલો દ્વારા ગંભીર માનાતા કેસોમાં પણ ન્યાય મળી શકે છે.